સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS


WEEK 43

[OCT - 2020]
[18/10/20 to 24/10/20]



સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)





## CURRENT TOPICS

- ઘાસચારાના ઉત્પાદન માટેગુજરાતની રજિસ્ટર્ડ પાંજરાપોળોને સહાયની ગુજરાત સરકારની જાહેરાત
- GLOBAL HUNGER INDEX (GHI) 2020માં ભારત 94મા ક્રમે
- બ્રહ્મોસ મિસાઈલના નેવી વર્ઝનનું ભારત દ્વારા સફળ પરીક્ષણ
- ભારતના આસામમાં ભારતના પ્રથમ 'મલ્ટિ મોડલ લોજિસ્ટિક પાર્ક'નો શિલાન્યાસ
- ક્વાડ દેશોનો પ્રથમ નૌસેના અભ્યાસ : માલાબાર 2020
- ભારતનું એન્ટી સબમરીન યુદ્ધ જહાજ INS Kavaratti ભારતીય નૌસેનામાં સામેલ


www.ICEONLINE.IN
9375701110/9328001110

અમારી સાથે જોડાયેલા રહો :
Telegram : t.me/icerajkotofficial
Instagram : icerajkot

18 OCTOBER, 2020 SUNDAY

## ➤ ઘાસચારાના ઉત્પાદન માટે ગુજરાતની રજિસ્ટર્ડ પાંજરાપોળોને સહાયની ગુજરાત સરકારની જાહેરાત

ગુજરાતની **રજિસ્ટર્ડ પાંજરાપોળો** પોતાની માલિકીની જમીનમાં **ઘાસચારાનું ઉત્પાદન** કરી શકે તે માટે તેમને સહાય આપવાનો ગુજરાત સરકારે નિર્ણય કર્યો છે.

- ગુજરાતની પાંજરાપોળોમાં રહેલા પશુઓને સરળતાથી ઘાસચારો મળી રહે તે માટે ગુજરાતની પાંજરાપોળોને ઘાસચારાના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશથી ગુજરાત સરકારે આ જાહેરાત કરી છે.

### ઘાસચારાના ઉત્પાદન માટે પાંજરાપોળોને સહાય

આ યોજના અંતર્ગત ગુજરાતમાં પોતાની માલિકીની જમીન ધરાવતી રજિસ્ટર્ડ પાંજરાપોળોને નીચે પ્રમાણે સહાય આપવામાં આવશે :

#### (1) ટ્યુબવેલ સહાય

ગુજરાતમાં રજિસ્ટર્ડ પાંજરાપોળોને ઘાસ ઉગાડવાના હેતુસર **રૂ. 10 લાખની મર્યાદા**માં **ટ્યૂબવેલ સહાય** આપવામાં આવશે.

- **1 થી 10 હેક્ટર** જમીન ધરાવતી પાંજરાપોળોને આ સહાય મળશે.

#### (2) સોલાર ઈલેક્ટ્રીક પેનલ માટે સહાય

આવી પાંજરાપોળો સૌરઊર્જાનો ઉપયોગ કરીને વીજ બિલમાં બચત કરી શકે તે માટે **સોલાર ઈલેક્ટ્રીક પેનલ** માટે **રૂ. 8 લાખની મર્યાદા**માં સહાય આપવામાં આવશે.

- **1 થી 10 હેક્ટર** જમીન ધરાવતી પાંજરાપોળોને આ સહાય મળશે.

#### (3) ગ્રીન ફોડર બેલર માટે સહાય

ઉગેલા ઘાસની ગાંસડી બાંધી તેને સ્ટોરેજ કરવા **ગ્રીન ફોડર બેલર** માટે **મહત્તમ રૂ. 3.50 લાખની મર્યાદા**માં સહાય આપવામાં આવશે.

- **4 થી 10 હેક્ટર** જમીન ધરાવતી પાંજરાપોળોને આ સહાય મળશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (4) સ્પ્રિન્કલર ઈરીગેશન સિસ્ટમ માટે સહાય

ઘાસચારાના ઉત્પાદનમાં પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ થાય તે માટે **સ્પ્રિન્કલર ઈરીગેશન સિસ્ટમ**નો ઉપયોગ કરનાર પાંજરાપોળોને **પ્રતિ હેક્ટર રૂ. 50,000ની** સહાય આપવામાં આવશે.

- આ સહાય વધુમાં વધુ **રૂ. 5 લાખ**ની મર્યાદામાં આપવામાં આવશે.

## (5) ચાફ્કટર માટે સહાય

ઘાસચારો કાપવા માટે **ચાફ્કટર** ખરીદવા **રૂ. 1.25 લાખની મર્યાદા**માં સહાય આપવામાં આવશે.

- **1 થી 10 હેક્ટર** જમીન ધરાવતી પાંજરાપોળોને આ સહાય મળશે.

## (6) રેઈનગન ઈરીગેશન સિસ્ટમ માટે સહાય

**રેઈનગન ઈરીગેશન સિસ્ટમ** અંતર્ગત જમીન વિસ્તાર પ્રમાણે ઓછામાં ઓછી **રૂ. 35,000થી મહત્તમ રૂ. 1.05 લાખ** સુધીની નીચે પ્રમાણેની સહાય આપવામાં આવશે :

| ક્રમ | જમીન | સહાયની રકમ રૂપિયામાં |
|---|---|---|
| 1 | 1 થી 3 હેક્ટર | 35,000 |
| 2 | 4 થી 7 હેક્ટર | 70,000 |
| 3 | 8 થી 10 હેક્ટર | 1,05,000 |

## (7) પાઈપલાઈન ફોર વોટરિંગ અંતર્ગત સહાય

બોરમાંથી ખેતીની જમીન સુધી પાણી પહોંચાડવા માટે તેમજ પાંજરાપોળના પશુઓના શેડ સુધી પાણી પહોંચાડવા માટે **પાઈપલાઈન ફોર વોટરિંગ** અંતર્ગત નીચે પ્રમાણે સહાય આપવામાં આવશે :

(1) **પ્રથમ એક હેક્ટર જમીન** માટે **રૂ. 30,000** સહાય

(2) પ્રથમ એક હેક્ટર બાદની **અન્ય જમીન** માટે **પ્રતિ હેક્ટર રૂ. 20,000** સહાય

(3) આ સહાય મહત્તમ **રૂ. 2.10 લાખની મર્યાદા**માં આપવામાં આવશે.

## પાંજરાપોળોને સહાય

| ક્રમ | સહાયનો હેતુ | વધુમાં વધુ સહાય (રૂપિયામાં) | કેટલી જમીન માટે આ સહાય મળશે ? |
|---|---|---|---|
| 1 | ટ્યૂબવેલ સહાય | 10 લાખ | 1 થી 10 હેક્ટર |
| 2 | સોલાર ઈલેક્ટ્રીક પેનલ માટે સહાય | 8 લાખ | 1 થી 10 હેક્ટર |
| 3 | ગ્રીન ફોડર બેલર માટે સહાય | 3.50 લાખ | 4 થી 10 હેક્ટર |
| 4 | સ્પ્રિન્કલર ઈરીગેશન સિસ્ટમ માટે સહાય | 5 લાખ | – |
| 5 | ચાફકટર માટે સહાય | 1.25 લાખ | 1 થી 10 હેક્ટર |
| 6 | રેઈનગન ઈરીગેશન સિસ્ટમ માટે સહાય | 35,000 | 1 થી 3 હેક્ટર |
| | | 70,000 | 4 થી 7 હેક્ટર |
| | | 1.05 લાખ | 8 થી 10 હેક્ટર |
| 7 | પાઈપલાઈન ફોર વોટરિંગ અંતર્ગત સહાય | 2.10 લાખ | – |

**નોંધ :** (1) ઉપરોક્ત હેતુસર ગુજરાત સરકારે નાણાકીય વર્ષ 2020-21ના અંદાજપત્રમાં કુલ રૂ. 100 કરોડની જોગવાઈ કરી છે.

(2) આ યોજનાનો લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(3) પોતાની માલિકીની જમીન ધરાવતી તથા રજિસ્ટર્ડ પાંજરાપોળો જ આ સહાયનો લાભ મેળવી શકશે.



## ➤ ગુજરાતમાં ડાંગર, મકાઈ, બાજરી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે

ગુજરાત સરકાર દ્વારા ગુજરાતમાં ડાંગર, મકાઈ, બાજરી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી છે.

- આ અંતર્ગત આ પાકોની નીચે પ્રમાણેના ટેકાના ભાવથી ખરીદી કરવામાં આવશે.

**ટેકાના ભાવે ખરીદી**

| ક્રમ | પાક | ભાવ (પ્રતિ ક્વિન્ટલ રૂપિયામાં) |
|---|---|---|
| 1 | મકાઈ | 1850 |
| 2 | ડાંગર | 1868 |
| 3 | બાજરી | 2150 |
| 4 | સોયાબીન | 3880 |
| 5 | અડદ | 6000 |
| 6 | મગ | 7196 |

આ તમામ પાકોમાં સૌથી વધુ મગની પ્રતિ ક્વિન્ટલ રૂ. 7196ના ભાવથી ખરીદી કરવામાં આવશે.

- મગ બાદ બીજા ક્રમે અડદની પ્રતિ ક્વિન્ટલ રૂ. 6000ના ભાવથી ખરીદી કરવામાં આવશે.
- જ્યારે આ તમામ પાકોમાં સૌથી ઓછા ભાવથી મકાઈની પ્રતિ ક્વિન્ટલ રૂ. 1850ના ભાવથી ખરીદી કરવામાં આવશે.

**નોંધ :** આ અગાઉ ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં પ્રતિ ક્વિન્ટલ રૂ. 5275ના ટેકાના ભાવથી મગફળીની ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવી હતી.



## ICE Questions

1. ગુજરાત સરકારે તાજેતરમાં ઘાસચારાના ઉત્પાદન માટે ગુજરાતની કઈ પાંજરાપોળોને સહાય આપવાની જાહેરાત કરી છે ?
   (A) ગુજરાતની તમામ પાંજરાપોળોને
   (B) 50 થી વધુ પશુઓ ધરાવતી ગુજરાતની તમામ પાંજરાપોળોને
   (C) રજિસ્ટર્ડ પાંજરાપોળોને
   (D) પોતાની માલિકીની જમીન ધરાવતી રજિસ્ટર્ડ પાંજરાપોળોને **(D)**

2. ઘાસ ઉગાડવાના હેતુસર ટ્યૂબવેલ માટે પાંજરાપોળોને મહત્તમ કેટલી સહાય આપવાની ગુજરાત સરકારે જાહેરાત કરી છે ?
   (A) 5 લાખ (B) 8 લાખ (C) 10 લાખ (D) 12 લાખ **(C)**

3. કેટલી જમીન ધરાવતી પાંજરાપોળોને ટ્યૂબવેલ માટે ગુજરાત સરકાર રૂ. 10 લાખની મર્યાદામાં સહાય આપશે ?
   (A) 1 થી 10 હેક્ટર (B) 3 થી 10 હેક્ટ
   (C) 4 થી 10 હેક્ટર (D) 7 થી 10 હેક્ટર **(A)**

4. ગુજરાતની પાંજરાપોળોને ઘાસચારાના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા ગુજરાત સરકારે કરેલી સોલાર ઈલેક્ટ્રીક પેનલ માટેની સહાય અંગેની જાહેરાતના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. પાંજરાપોળોને સોલાર ઈલેક્ટ્રીક પેનલ માટે રૂ. 8 લાખની મર્યાદામાં સહાય આપવામાં આવશે.
   2. પોતાની માલિકીની 1 થી 10 હેક્ટર જેટલી જમીન ધરાવતી રજિસ્ટર્ડ પાંજરાપોળોને આ સહાય મળશે.

   Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
   (C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(A)**

5. ગુજરાતની પાંજરાપોળોને ઘાસચારાના ઉત્પાદનમાં આત્મનિર્ભર બનાવવા ગુજરાત સરકારે કરેલી ગ્રીન ફોડર બેલર માટેની સહાય અંગેની જાહેરાતના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?

1. આ માટે રૂ. 3.50 લાખની મર્યાદામાં સહાય આપવામાં આવશે.
2. પોતાની માલિકીની 1થી 10 હેક્ટર જમીન ધરાવતી રજિસ્ટર્ડ પાંજરાપોળોને આ સહાય મળશે.

Ans. (A) 1 અને 2 (B) ફક્ત 1
(C) ફક્ત 2 (D) બેમાંથી એકપણ નહિ **(B)**

6. ઘાસચારાના ઉત્પાદન માટે ગુજરાત સરકારે ગુજરાતની રજિસ્ટર્ડ પાંજરાપોળોને સ્પ્રિન્કલર ઈરીગેશન સિસ્ટમ માટે વધુમાં વધુ કેટલી સહાય આપવાની જાહેરાત કરી છે ?

(A) 1.05 લાખ (B) 1.25 લાખ (C) 2.10 લાખ (D) 5 લાખ **(D)**

7. ઘાસચારાના ઉત્પાદન માટે ગુજરાત સરકારે ગુજરાતની રજિસ્ટર્ડ પાંજરાપોળોને રેઈનગન ઈરીગેશન સિસ્ટમ માટે વધુમાં વધુ કેટલી સહાય આપવાની જાહેરાત કરી છે ?

(A) 1.05 લાખ (B) 1.25 લાખ (C) 2.10 લાખ (D) 5 લાખ **(A)**

8. ઘાસચારાના ઉત્પાદન માટે ગુજરાત સરકારે ગુજરાતની રજિસ્ટર્ડ પાંજરાપોળોને ચાફકટર માટે વધુમાં વધુ કેટલી સહાય આપવાની જાહેરાત કરી છે ?

(A) 1.05 લાખ (B) 1.25 લાખ (C) 2.10 લાખ (D) 5 લાખ **(B)**

9. ઘાસચારાના ઉત્પાદન માટે ગુજરાત સરકારે ગુજરાતની રજિસ્ટર્ડ પાંજરાપોળોને પાઈપલાઈન ફોર વોટરિંગ અંતર્ગત વધુમાં વધુ કેટલી સહાય આપવાની જાહેરાત કરી છે ?

(A) 1.05 લાખ (B) 1.25 લાખ (C) 2.10 લાખ (D) 5 લાખ **(C)**

10. ઘાસચારાના ઉત્પાદન માટે ગુજરાતની પાંજરાપોળોને સહાય આપવા માટે વર્ષ 2020-21ના અંદાજપત્રમાં ગુજરાત સરકારે કેટલા રૂપિયાની જોગવાઈ કરી છે ?

(A) 50 કરોડ (B) 100 કરોડ (C) 200 કરોડ (D) 350 કરોડ **(B)**

11. ગુજરાત સરકારે તાજેતરમાં નીચેનામાંથી કયા પાક માટે સૌથી વધુ ટેકાના ભાવની જાહેરાત કરી છે ?

(A) મગફળી (B) મગ (C) અડદ (D) સોયાબીન **(B)**

19 OCTOBER, 2020 MONDAY

## ➤ GLOBAL HUNGER INDEX (GHI) 2020માં ભારત 94મા ક્રમે

તાજેતરમાં 17 ઓક્ટોબર, 2020ના રોજ આયર્લેન્ડની Concern Worldwide અને જર્મનીની Welt hunger hilfe દ્વારા વર્ષ 2020નો ગ્લોબલ હંગર ઈન્ડેક્સ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

- આ ઈન્ડેક્સમાં કુલ 107 દેશોમાં ભારત 94મા ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં વર્ષ 2019માં ભારત 102મા ક્રમે હતું.
- આમ, વર્ષ 2019ની તુલનાએ વર્ષ 2020માં આ ઈન્ડેક્સમાં ભારતના રેન્કમાં 8 ક્રમનો સુધારો થયો છે.
- વર્ષ 2019 અગાઉ વર્ષ 2018માં આ ઈન્ડેક્સમાં ભારત 103મા અને વર્ષ 2017માં 100મા ક્રમે હતું.

### વર્ષ 2020માં પ્રથમ અને અંતિમ ક્રમ



વર્ષ 2020ના આ ઈન્ડેક્સમાં બેલારુસ, બોસ્નિયા અને હર્ઝેગોવિના, બ્રાઝિલ, ચીલી, ચીન, ક્યુબા, કુવૈત અને તૂર્કી સહિત કુલ 17 દેશોનો પ્રથમ ક્રમે સમાવેશ થયો છે.

- પ્રથમ ક્રમે આ 17 દેશો બાદ નોર્થ મેસેડોનિયા અને રશિયા 18મા ક્રમે છે.
- આ ઈન્ડેક્સમાં પ્રથમ ક્રમે કુલ 17 દેશોનો સમાવેશ થયો છે. આથી, આ 17 દેશોને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો છે.
- પરંતુ ત્યારબાદ કોઈ દેશને બીજો, ત્રીજો કે ચોથો ક્રમ આપવામાં આવ્યો નથી.
- તેની જગ્યાએ પ્રથમ ક્રમે કુલ 17 દેશો હોવાથી પ્રથમ ક્રમ બાદ સીધા 18મા ક્રમે નોર્થ મેસેડોનિયા અને રશિયાનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- વર્ષ 2020ના આ ઈન્ડેક્સમાં ચાડ અંતિમ 107મા ક્રમે છે.

| Global Hunger Index 2020 Rank | |
|---|---|
| **Rank** | **Country** |
| 1 | બેલારુસ, બ્રાઝિલ, ચીલી, ચીન, ક્યુબા, કુવૈત, તૂર્કી સહિત કુલ 17 દેશો |
| 18 | નોર્થ મેસેડોનિયા, રશિયા |
| 20 | આર્જેન્ટિના |
| 64 | શ્રીલંકા |
| 73 | નેપાળ |
| 75 | બાંગ્લાદેશ |
| 78 | મ્યાનમાર |
| 88 | પાકિસ્તાન |
| 94 | ભારત, સુદાન |
| 99 | અફઘાનિસ્તાન |
| 107 | ચાડ |

વર્ષ 2020ના ભૂખમરાને લગતા આ ઈન્ડેક્સમાં ભારતને 27.2 અંક મળ્યા છે.

- આ અંક ભારતમાં કુપોષણની 'ગંભીર' (Serious) સ્થિતિ દર્શાવે છે.

## ઈન્ડેક્સના માપદંડ

મુખ્ય ચાર માપદંડોને આધારે આ ઈન્ડેક્સ તૈયાર કરવામાં આવે છે :

(1) ઓછું પોષણ

(2) પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઊંચાઈના પ્રમાણમાં ઓછું વજન

(3) પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં ઉંમરના પ્રમાણમાં ઓછી ઊંચાઈ

(4) બાળ મૃત્યુદર

**નોંધ :** (1) ભારતે વર્ષ 2030 સુધીમાં 'Zero Hunger'નો લક્ષ્યાંક રાખ્યો છે.

(2) ગ્લોબલ હંગર ઈન્ડેક્સ (GHI)ની શરૂઆત વર્ષ 2006માં IFPRI (International Food Policy Research Institute) દ્વારા કરવામાં આવી હતી.

## ➤ બ્રહ્મોસ મિસાઈલના નેવી વર્ઝનનું ભારત દ્વારા સફળ પરીક્ષણ

18 ઓક્ટોબર, 2020ના રોજ ભારતે બ્રહમોસ મિસાઈલના નેવી વર્ઝન (Naval Version)નું સફળ પરીક્ષણ કર્યું છે.

- અરબ સાગરમાં તૈનાત INS Chennai (આઈએનએસ ચેન્નાઈ) નામના યુદ્ધ જહાજમાંથી આ મિસાઈલ લોન્ચ કરવામાં આવી હતી.

**નોંધ :** આ અગાઉ તાજેતરમાં 30 સપ્ટેમ્બર, 2020ના રોજ ભારતે જમીન પરથી જમીન પર પ્રહાર કરી શકે તેવા બ્રહમોસ મિસાઈલના નવા વર્ઝનનું સફળ પરીક્ષણ કર્યું હતું.

### બ્રહમોસ મિસાઈલની ગતિ અને પ્રહાર ક્ષમતા

બ્રહ્મોસ એ વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ છે.

- તેની ગતિ 2.8 થી 3.0 મેક (Mach) જેટલી છે. અને તેની પ્રહાર ક્ષમતા(રેન્જ) 290થી 300 કિમી (જે વધારીને 450 કિમી કરવામાં આવી) છે. અને તેની વહન ક્ષમતા 300 કિલોગ્રામ છે.

### બ્રહ્મોસ નામ કેવી રીતે પડ્યું ?

- બ્રહ્મોસ મિસાઈલનું નામ ભારતની બ્રહ્મપુત્રા અને રશિયાની મોસ્કવા નદીના નામ પરથી રાખવામાં આવ્યું છે.

### કઈ કંપની દ્વારા તેનું નિર્માણ થયું છે ?

- બ્રહ્મોસનું નિર્માણ 'બ્રહ્મોસ એરોસ્પેસ લિમિટેડ' નામની કંપની દ્વારા કરવામાં આવેલ છે. આ કંપની ભારતના DRDO (ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન) અને રશિયાની એનપીઓ મશીનો સ્ટ્રોયેનિયાનું સંયુક્ત સાહસ છે.
- રશિયાની P-800 ઓનીયસ ક્રૂઝ મિસાઈલની ટેક્નોલોજીને આધારે તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.

## બ્રહ્મોસ કયા પ્રકારની મિસાઈલ છે ?

- બ્રહ્મોસ રેમજેટ એન્જિન ધરાવતી મધ્યમ અંતરની <u>સુપરસોનિક ક્રૂઝ મિસાઈલ</u> છે.
- બ્રહ્મોસ <u>ભારત અને રશિયા</u> દ્વારા વિકસાવવામાં આવેલી ભારતની અત્યાર સુધીની સૌથી આધુનિક મિસાઈલ છે. તેને ભારતને મિસાઈલ ટેક્નોલોજીમાં અગ્રણી દેશ બનાવી દીધો છે.

## બ્રહ્મોસને મેનુવરેબલ મિસાઈલ શા માટે કહે છે ?

- મેનુવરેબલ ટેક્નિક એ એવી ટેક્નિક છે કે જેનાથી છોડેલી મિસાઈલ પોતાના લક્ષ્ય સુધી પહોંચે એ પહેલા હવામાં જ પોતાનો માર્ગ બદલી શકે છે.
- બ્રહ્મોસ મેનુવરેબલ ટેક્નિકથી સજ્જ મિસાઈલ છે. આથી બ્રહ્મોસ મિસાઈલને છોડયા બાદ લક્ષ્ય સુધી પહોંચ્યા પહેલા જો તેનું લક્ષ્ય માર્ગ બદલી લે તો બ્રહ્મોસ મિસાઈલ પણ પોતાનો માર્ગ બદલી લે છે. અને લક્ષ્યને અચૂકપણે ભેદી શકે છે.

**બ્રહ્મોસ મિસાઈલની વિશેષતાઓ**

- તે હવામાં જ માર્ગ બદલી શકે છે અને હરતા–ફરતા લક્ષ્યને પણ ભેદી શકે છે.
- તેને વર્ટિકલ (ઊભા) અથવા સીધા એમ કોઈપણ પ્રક્ષેપકથી છોડી શકાય છે.
- તે થલસેના, જળસેના અને વાયુસેના એમ ત્રણેય માટે ઉપયોગી છે.
- તે 10 મીટરની ઊંચાઈએ ઊડી શકે છે અને રડારની પકડમાં નથી આવતી.
- ફક્ત રડાર જ નહિ પરંતુ કોઈપણ એન્ટી મિસાઈલ સિસ્ટમની પકડથી તે દૂર છે. તેને તોડી પાડવી લગભગ અશક્ય છે.
- તેની સ્પીડ અમેરિકાની ટોમહોક મિસાઈલથી ડબલ છે અને તેની પ્રહાર ક્ષમતા પણ ટોમહોકથી વધારે છે.
- સામાન્ય મિસાઈલથી વિપરિત આ મિસાઈલ હવા ખેંચીને રેમજેટ ટેક્નિકથી ઊર્જા પ્રાપ્ત કરે છે.
- પ્રહાર સમયે આ મિસાઈલ 1200 યુનિટ ઊર્જા પેદા કરીને પોતાના લક્ષ્યને તહેસ નહેસ કરી શકે છે.



## ICE Questions

1. ‘ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2020’માં ભારત કયા ક્રમે છે ?
(A) 94મા (B) 98મા (C) 102મા (D) 103મા — (A)

2. આ અગાઉ પ્રસિદ્ધ થયેલા ‘ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2019’માં ભારત કયા ક્રમે હતો ?
(A) 94મા (B) 98મા (C) 102મા (D) 103મા — (C)

3. ‘ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2020’માં પ્રથમ ક્રમે કુલ કેટલા દેશોનો સમાવેશ થયો છે ?
(A) 5 (B) 15 (C) 17 (D) 19 — (C)

4. ‘ગ્લોબલ હંગર ઈન્ડેક્સ 2020’માં અંતિમ 107મા ક્રમે કયો દેશ છે ?
(A) ચાડ (B) સુદાન (C) યમન (D) ગ્વાટેમાલા — (A)

5. 18 ઓક્ટોબર, 2020ના રોજ ભારતે અરબ સાગરમાં તૈનાત કયા જહાજ પરથી બ્રહમોસ મિસાઈલના નેવી વર્ઝનનું સફળ પરીક્ષણ કર્યું છે ?
(A) INS કવરત્તી (B) INS કલવરી (C) INS કારંજ (D) INS ચેન્નાઈ — (D)

6. વિશ્વની સૌથી ઝડપી સુપરસોનિક ક્રૂઝ મિસાઈલનું નામ શું છે ?
(A) ખદીર (B) બ્રહ્મમોસ (C) ટોમહોક (D) Kh-101 — (B)




## 20 OCTOBER, 2020 TUESDAY

➢ દિવસ મહિમા : 20 ઓક્ટોબર,

(1) રાષ્ટ્રીય ઐક્ય અથવા તો સુદ્દઢતા દિવસ (National Solidarity Day)

(2) વિશ્વ આંકડા દિવસ (World Statistics Day)

(3) વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસ (World Osteoporosis Day)

**નોંધ :** Osteoporosis એ હાડકાનો એક રોગ છે.

## ➢ ભારત અને શ્રીલંકાની નૌસેના વચ્ચે 'SLINEX-20' અભ્યાસનું આયોજન



19 થી 21 ઓક્ટોબર 2020 દરમિયાન ભારત અને શ્રીલંકાની નૌસેના વચ્ચે દ્વિપક્ષીય સમુદ્રી અભ્યાસ 'સ્લીનેક્સ-20' (SLINEX-20)નું આયોજન થયું હતું.

- ભારત અને શ્રીલંકાની નૌસેના વચ્ચે યોજાયેલો આ આઠમો 'સ્લીનેક્સ' અભ્યાસ હતો.
- શ્રીલંકાના ટ્રિંકોમાલી ખાતે આ સમુદ્રી અભ્યાસનું આયોજન થયું હતું.
- જેમાં ભારતના સ્વદેશી એન્ટી સબમરીન યુદ્ધ જહાજ કમોર્તા (Kamorta) અને કિલતાન (Kiltan) એ ભાગ લીધો હતો.
- જ્યારે શ્રીલંકાના સાયુરા (Sayura) અને ગજબાહુ (Gajabahu) નામના જહાજોએ ભાગ લીધો હતો.
- **નોંધ :** આ અગાઉ 2019માં ભારતના વિશાખાપટ્ટનમમાં આ દરિયાઈ અભ્યાસનું આયોજન થયું હતું.

## ➢ ભારતના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા માટે કેન્દ્ર સરકાર દ્વારા 'આયુષ્માન સહકાર યોજના' લોન્ચ




ઓક્ટોબર, 2020 દરમિયાન કેન્દ્ર સરકારના કૃષિ મંત્રી શ્રી નરેન્દ્રસિંહ તોમરે ભારતમાં 'આયુષ્માન સહકાર યોજના' (Ayushman Sahakar Scheme)નો શુભારંભ કરાવ્યો છે.

- ભારતના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા માટે ભારતમાં કેન્દ્ર સરકારે આ યોજના લોન્ચ કરી છે.
- આ યોજના અંતર્ગત ભારતમાં આરોગ્ય સુવિધાઓની સ્થાપના માટે સહકારી સમિતિઓને National Cooperative Development Corporation (NCDC) દ્વારા કુલ રૂ. 10,000 કરોડની લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- આ લોનની મદદથી સહકારી સમિતિઓ તેના સભ્યોને રાહત દરે આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવશે.

**નોંધ :** ભારતમાં કેરળ મોડલની તર્જ પર આ યોજના લોન્ચ કરવામાં આવી છે. કેરળમાં આરોગ્ય સુવિધાઓનો વ્યાપ વધારવામાં સહકારી સમિતિઓએ મહત્ત્વની ભૂમિકા નીભાવી હતી.

### NCDC

NCDC એ ભારતમાં સહકારી ક્ષેત્રની ટોચની નાણાકીય અને વિકાસ સંસ્થા છે. તે આ અંગે કાર્યરત ભારતની એકમાત્ર વૈધાનિક (Statutory) સંસ્થા છે.

- ભારતમાં 1963માં સંસદના એક એક્ટ દ્વારા NCDCની સ્થાપના કરવામાં આવી હતી.
- ભારતમાં કેન્દ્ર સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય અંતર્ગત આ સંસ્થા કાર્ય કરે છે.

ICE ? Questions

1. ‘રાષ્ટ્રીય ઐકય (અથવા સુદઢતા) દિવસ’ અથવા તો ‘National Solidarity Day’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 ઓકટોબર (B) 19 ઓકટોબર (C) 20 ઓકટોબર (D) 21 ઓકટોબર (C)

2. ‘વિશ્વ આંકડા દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 ઓકટોબર (B) 19 ઓકટોબર (C) 20 ઓકટોબર (D) 21 ઓકટોબર (C)

3. ‘વિશ્વ ઓસ્ટીયોપોરોસીસ દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 18 ઓકટોબર (B) 19 ઓકટોબર (C) 20 ઓકટોબર (D) 21 ઓકટોબર (C)

4. ભારત અને કયા દેશની સેના વચ્ચે તાજેતરમાં 'SLINEX' અથવા તો 'SLINEX-20' અભ્યાસનું આયોજન થયું હતું ?
(A) બાંગ્લાદેશ (B) શ્રીલંકા (C) નેપાળ (D) મ્યાનમાર (B)

5. ભારત અને શ્રીલંકાની કઈ સેના વચ્ચે તાજેતરમાં 'SLINEX' અથવા તો 'SLINEX-20' અભ્યાસનું આયોજન થયું હતું ?
(A) આર્મી (B) નેવી (C) એરફોર્સ (D) ઉપરોકત ત્રણેય (B)

6. ઓકટોબર 2020 દરમિયાન ભારત અને શ્રીલંકાની નૌસેના વચ્ચે કઈ જગ્યાએ ‘સ્લીનેકસ’ અભ્યાસ 2020નું આયોજન થયું હતું ?
(A) વિશાખાપટ્ટનમ (B) નેગોમ્બો (C) પોલોનારુવા (D) ત્રિંકોમાલી (D)

7. ‘આયુષ્માન સહકાર યોજના’ અંતર્ગત ભારતમાં કઈ સંસ્થા દ્વારા સહકારી સમિતિઓને લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
(A) આરોગ્ય મંત્રાલય (B) નેશનલ હેલ્થ મિશન
(C) નેશનલ ગ્રામીણ હેલ્થ મિશન
(D) નેશનલ કોઓપરેટીવ ડેવલપમેન્ટ કોર્પોરેશન (D)

8. ‘આયુષ્માન સહકાર યોજના’ અંતર્ગત NCDC દ્વારા ભારતમાં સહકારી સમિતિઓને કુલ કેટલા રૂપિયાની લોન ઉપલબ્ધ કરાવવામાં આવશે ?
(A) 10,000 કરોડ (B) 12,000 કરોડ (C) 16,000 કરોડ (D) 20,000 કરોડ (A)

9. ભારતમાં કેન્દ્ર સરકારે લોન્ચ કરેલી ‘આયુષ્માન સહકાર યોજના’નો મુખ્ય ઉદ્દેશ શું છે ?
(A) ભારતમાં સહકારી સમિતિઓને સુદઢ બનાવવી
(B) ભારતમાં સહકારી સમિતિઓની અવધિ વધારવી
(C) ભારતના ગ્રામીણ વિસ્તારોમાં સહકારી સમિતિઓની પહોંચ વધારવી
(D) ભારતના ગ્રામીણ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓનો અથવા તો સુવિધાઓનો વ્યાપ વધારવો (D)

**21 OCTOBER, 2020 WEDNESDAY**

## ➢ દિવસ મહિમા : 21 ઓક્ટોબર, પોલીસ સ્મૃતિ દિવસ

ભારતમાં દર વર્ષે 21 ઓક્ટોબરના રોજ 'પોલીસ સ્મૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 21 ઓક્ટોબર, 1959ના રોજ ચીનના સૈનિકોએ લદાખ ખાતે ભારતના 10 પોલીસ જવાનોની હત્યા કરી હતી.
- આથી, ભારતમાં શહીદ પોલીસ જવાનોની સ્મૃતિમાં દર વર્ષે 21 ઓક્ટોબરના રોજ 'પોલીસ સ્મૃતિ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

## ➢ ક્વાડ દેશોનો પ્રથમ નૌસેના અભ્યાસ : માલાબાર 2020

ભારત અને અમેરિકા વચ્ચે સૌપ્રથમ વખત 1992માં 'માલાબાર' નામના દ્વિપક્ષીય નૌસેના અભ્યાસનો પ્રારંભ થયો હતો.

- ત્યારબાદ વર્ષ 2015માં આ અભ્યાસમાં જાપાનનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.
- આથી, વર્ષ 2015થી માલાબાર અભ્યાસ ત્રિપક્ષીય સૈન્ય અભ્યાસ બની ગયો હતો.
- હવે, નવેમ્બર 2020 દરમિયાન યોજાનાર આ અભ્યાસમાં ઓસ્ટ્રેલિયાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.
- આથી, નવેમ્બર 2020 દરમિયાન યોજાનાર 'માલાબાર અભ્યાસ' ચાર ક્વાડ (Quad) દેશો (ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયા) વચ્ચે યોજાનાર વર્ષ 2007 બાદ પ્રથમ નૌસેના અભ્યાસ હશે.
- આ અભ્યાસની થીમ 'Non-Contact-at Sea' (સમુદ્રમાં વિના સંપર્ક) છે.
- વર્ષ 2020માં યોજાનાર આ 24મો માલાબાર અભ્યાસ હશે.
- ચાર ક્વાડ દેશો દ્વારા યોજાનાર આ અભ્યાસ ચીન સામે વિશેષ કૂટનીતિક મહત્ત્વ ધરાવે છે. જે ચીન સામે આ ચાર દેશોની એકતા તથા સંરક્ષણ તાકાતને પ્રદર્શિત કરે છે.

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2018માં ફિલિપિન્સના ગુઆમ તટ પર અને 2019માં જાપાનમાં આ અભ્યાસનું આયોજન થયું હતું.

(2) વર્ષ 2020માં આ અભ્યાસ કયાં યોજાશે તેની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી. આમ છતાં, તે બંગાળની ખાડી અને અરબ સાગરમાં યોજાય તેવી સંભાવના છે.

## QUAD




QUADને 'QSD' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- QSDનું પૂરું નામ Quadrilateral Security Dialogue છે. જેને QUAD (ક્વાડ) તરીકે ઓળખવામાં આવે છે.
- જાપાનના રાષ્ટ્રપતિ શ્રી શિન્ઝો અબે દ્વારા ભારતના વડાપ્રધાન ડૉ. મનમોહન સિંહ, અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ શ્રી ડિક ચેની અને ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન શ્રી જોન હોવાર્ડના સહયોગથી 2007માં આ ડાયલોગનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.
- જેનો વર્ષ 2008માં અંત આવ્યો હતો.
- જોકે, વર્ષ 2017માં આ ગ્રૂપને ફરીથી સંગઠિત કરવામાં આવ્યું છે.
- ક્વાડ દેશોમાં ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.

**નોંધ :** (1) આ અગાઉ વર્ષ 2007માં ચાર ક્વાડ દેશો અને સિંગાપોર વચ્ચે 'માલાબાર અભ્યાસ'નું આયોજન થયું હતું. જેમાં ચાર ક્વાડ દેશો પ્રથમ વખત આ અભ્યાસમાં એક સાથે જોડાયા હતા. પરંતુ તેમાં ક્વાડ દેશો સાથે સિંગાપોરે પણ ભાગ લીધો હતો.

(2) આથી, વર્ષ 2020માં યોજાનાર માલાબાર અભ્યાસ ફક્ત ચાર ક્વાડ દેશોની નૌસેના વચ્ચે યોજાનાર પ્રથમ અભ્યાસ હશે.

## ➢ ભારતના આસામમાં ભારતના પ્રથમ 'મલ્ટિ મોડલ લોજિસ્ટિક પાર્ક'નો શિલાન્યાસ

ઓક્ટોબર 2020 દરમિયાન ભારતમાં કેન્દ્ર સરકારના માર્ગ અને પરિવહન મંત્રી **શ્રી નીતિન ગડકરી**એ ભારતના **આસામ**માં **'મલ્ટિ મોડલ લોજિસ્ટિક પાર્ક'**નો વીડિયો કોન્ફરન્સ દ્વારા શિલાન્યાસ કરાવ્યો છે.

- ભારતના **આસામ**માં સ્થપાનાર આ મલ્ટિ મોડલ લોજિસ્ટિક પાર્ક **ભારત**નો **પ્રથમ** **'Multi Modal Logistic Park'** છે.
- **આસામ**ના **બોંગાઈગાંવ** જિલ્લાના **જોગીઘોપા** વિસ્તારમાં આ પાર્કનું નિર્માણ કરવામાં આવશે.
- આ પાર્ક દ્વારા ટ્રાન્સપોર્ટેશનના ચારેય મોડલ રોડ, એર, રેલવે અને જળમાર્ગને એક સાથે જોડવામાં આવશે.
- ભારતમાં **National Highways and Infrastructure Development Corporation Limited (NHIDCL)** દ્વારા હાથ ધરવામાં આવેલા આ પ્રોજેક્ટ અંતર્ગત પ્રથમ તબક્કામાં **રૂ. 694 કરોડ**નો ખર્ચ થશે.
- આસામમાં આ પાર્કના નિર્માણથી 20 લાખ જેટલા લોકોને પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે રોજગારી મળશે.

**નોંધ :** ભારતમાં કેન્દ્ર સરકારની **'ભારતમાલા યોજના'** અંતર્ગત આ પાર્કનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.



## ICE Questions

1. ભારતમાં 'પોલીસ સ્મૃતિ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 20 ઓક્ટોબર (B) 21 ઓક્ટોબર (C) 22 ઓક્ટોબર (D) 23 ઓક્ટોબર **(B)**

2. વર્ષ 2020માં યોજાનાર માલાબાર અભ્યાસમાં કયા દેશનો સમાવેશ કરવામાં આવ્યો છે ?
(A) મલેશિયા (B) ઈન્ડોનેશિયા (C) માલદીવ (D) ઓસ્ટ્રેલિયા **(D)**

3. વર્ષ 2020માં ભારત અને કયા દેશ વચ્ચે 'માલાબાર અભ્યાસ' યોજાશે ?
(A) ઓસ્ટ્રેલિયા (B) જાપાન (C) અમેરિકા (D) ઉપરોક્ત ત્રણેય **(D)**

4. ભારત, અમેરિકા, જાપાન અને ઓસ્ટ્રેલિયાની કઈ સેના વચ્ચે માલાબાર અભ્યાસ 2020 યોજાશે ?
(A) આર્મી (B) નેવી (C) એરફોર્સ (D) ઉપરોક્ત ત્રણેય **(B)**

5. ક્વાડ (QUAD)ના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
1. તેમાં કુલ 4 સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
2. ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને માલદીવ તેના સભ્યો છે.
3. QUAD તરીકે ઓળખાતા QSDનું પૂરું નામ Quadrilateral Security Dialogue છે.
4. તેનું કાર્યાલય જાપાનના ટોકયો ખાતે આવેલું છે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 3 **(D)**

6. કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરીએ ભારતના કયા રાજ્યમાં ભારતના પ્રથમ મલ્ટિ મોડલ લોજિસ્ટિક પાર્કનો શિલાન્યાસ કરાવ્યો છે ?
(A) ઓડિશા (B) પશ્ચિમ બંગાળ
(C) આસામ (D) અરૂણાચલ પ્રદેશ **(C)**

7. ભારતના આસામના કયા જિલ્લાના જોગીઘોપા વિસ્તારમાં ભારતનો પ્રથમ મલ્ટિ મોડલ લોજિસ્ટિક પાર્ક સ્થપાશે ?
(A) બકસા (B) બિશ્વનાથ (C) દરભંગા (D) બોંગઈગાંવ **(D)**

22 OCTOBER, 2020 THURSDAY

## ➢ દિવસ મહિમા : 22 ઓક્ટોબર, આંતરરાષ્ટ્રીય ખચકાટ જાગૃતિ દિવસ (International Stuttering Awareness Day)




**નોંધ :** બોલવામાં ખચકાટ અનુભવતા લોકો અથવા તો તોતડુ બોલતા લોકો અંગે જાગૃતિ ફેલાવવા માટે આ દિવસ ઉજવાય છે.

## ➢ STATE OF GLOBAL AIR 2020 Report અંતર્ગત ભારતનો સૌથી વધુ પ્રદૂષિત દેશોમાં સમાવેશ

તાજેતરમાં હવા પ્રદૂષણની વૈશ્વિક સ્થિતિને રજૂ કરતો એક રિપોર્ટ **'સ્ટેટ ઓફ ગ્લોબલ એર 2020'** પ્રસિદ્ધ થયો છે.

- આ રિપોર્ટ અનુસાર સમગ્ર વિશ્વમાં **ભારત**નો સમાવેશ **સૌથી વધુ પ્રદૂષિત હવા ધરાવતા દેશોમાં** થાય છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ **2019**ના એક જ વર્ષમાં **ભારતમાં હવા પ્રદૂષણ**ને કારણે **16.67 લાખ** લોકોના મોત થયા હતા.
- જેમાં **1.16 લાખ** **નવજાત શીશુ**નો સમાવેશ થાય છે.
- આ રિપોર્ટ અનુસાર વર્ષ **2019**માં સૌથી વધુ વસતી ધરાવતા એવા **ટોપ 10 દેશો** કે જેમાં **હવામાં 2.5 PM (Particular Matter)**ની માત્રા સૌથી વધુ હોય તેમાં **ભારત** **પ્રથમ** ક્રમે છે.
- જ્યારે **ભારત** બાદ **નેપાળ** **બીજા** અને **નાઈજર** **ત્રીજા** ક્રમે છે.
- આ યાદીમાં **પાકિસ્તાન** **10મા** ક્રમે છે.

## PM 2.5 પ્રકારનું હવાનું પ્રદૂષણ ધરાવતા વિશ્વના પ્રથમ 10 દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | ભારત |
| 2 | નેપાળ |
| 3 | નાઈજર |
| 4 | કતાર |
| 5 | નાઈજીરીયા |
| 6 | ઈજિપ્ત |
| 7 | મોરિટાનિયા |
| 8 | કેમેરુન |
| 9 | બાંગ્લાદેશ |
| 10 | પાકિસ્તાન |

## સૌથી વધુ ઓઝોન પ્રદૂષણ ધરાવતા દેશો

આ રિપોર્ટ અનુસાર વર્ષ 2019માં સૌથી વધુ ઓઝોન પ્રદૂષણ ધરાવતા વિશ્વના ટોપ 10 દેશોમાં ભારત ત્રીજા ક્રમે છે.

- જ્યારે આ યાદીમાં કતાર પ્રથમ અને નેપાળ બીજા ક્રમે છે.

## સૌથી વધુ ઓઝોન પ્રદૂષણ ધરાવતા ટોપ 10 દેશો

| ક્રમ | દેશ |
|---|---|
| 1 | કતાર |
| 2 | નેપાળ |
| 3 | ભારત |
| 4 | બાંગ્લાદેશ |
| 6 | પાકિસ્તાન |
| 10 | સાઉદી અરેબિયા |

**નોંધ :** (1) આ રિપોર્ટ અનુસાર હવા પ્રદૂષણને કારણે સમગ્ર વિશ્વમાં વર્ષ 2019માં 67 લાખ લોકોના મૃત્યુ થયા છે. જેમાંથી 21 લાખ એકલા દક્ષિણ એશિયામાં હતા.

(2) અમેરિકાની Health Effects Insitute (HEI), કેનેડાની University of British Columbia (UBC) અને અમેરિકાની 'The Institute for health Metrics and Evaluation' દ્વારા સંયુક્ત રીતે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

(3) આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં મૃત્યુનું ચોથું સૌથી મોટું કારણ હવા પ્રદૂષણ છે.

## ➢ લઘુગ્રહ પરનું નાસાનું OSIRIS-REx નામનું પ્રથમ મિશન નમૂના લેવામાં સફળ

અમેરિકાની અવકાશ સંસ્થા નાસા દ્વારા 8 સપ્ટેમ્બર, 2016ના રોજ ઓસિરિસ રેક્ષ (OSIRIS-REx) નામનું એક અવકાશયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.

- નાસા દ્વારા અમેરિકાના કેપ કેનેવરલ ખાતેથી Atlas 5 નામના રોકેટની મદદથી આ અવકાશયાન લોન્ચ કરવામાં આવ્યું હતું.
- આ મિશનનો મુખ્ય ઉદ્દેશ પૃથ્વીથી આશરે 32 કરોડ કિલોમીટર દૂર આવેલા '101955 Bennu' નામના લઘુગ્રહ પરથી ઓછામાં ઓછા 60 ગ્રામ નમૂના એકત્ર કરીને તેને ધરતી પર લાવવાનો હતો.
- કોઈ લઘુગ્રહ પરથી નમૂના એકત્ર કરીને ધરતી પર લાવવા માટે નાસાએ લોન્ચ કરેલું આ પ્રથમ મિશન હતું.
- આ અંતર્ગત 20 ઓક્ટોબર, 2020ના રોજ નાસાના આ અવકાશયાને 'બેન્નુ' નામના આ લઘુગ્રહ પરથી **સફળતાપૂર્વક નમૂના એકત્ર કર્યા હતા.**
- હવે આ અવકાશયાન આ નમૂના લઈને સંભવતઃ 24 સપ્ટેમ્બર 2023ના રોજ પૃથ્વી પર પરત ફરશે.
- આ નમૂનાની મદદથી વૈજ્ઞાનિકોને સૂર્યમાળાના વિકાસક્રમ અને પૃથ્વી પર જીવનના વિકાસના રહસ્યો જાણવામાં મદદ થશે.

**નોંધ :** (1) નાસાના આ મિશનની સફળતાને કારણે આગામી દિવસોમાં અવકાશી માઈનિંગ ઉદ્યોગનો વિકાસ થવાની પણ સંભાવના છે.

(2) NASAનું પૂરું નામ National Aeronautics and Space Administration છે.

(3) નાસાની સ્થાપના 1958માં થઈ હતી.

(4) નાસાનું વડુંમથક અમેરિકાના વોશિંગ્ટન ડિસી ખાતે આવેલું છે.

## ➤ ગુજરાતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી હસમુખ ભાવસારનું નિધન

ગુજરાતી રંગભૂમિ, ગુજરાતી ફિલ્મ અને ગુજરાતી ટીવી જગતના ઉત્તમ તથા લોકપ્રિય અભિનેતા **શ્રી હસમુખ ભાવસારનું** 21 ઓક્ટોબર, 2020ના રોજ **ડાકોર** ખાતે હૃદયરોગથી 70 વર્ષની વયે નિધન થયું છે.

- તેઓ ડાકોર દર્શન કરવા માટે ગયા હતા, ત્યારે પ્રભુના ધામમાં જ તેમને હાર્ટ એટેક આવતાં તેમનું નિધન થયું છે.
- માર્ચ 1950માં **અમદાવાદ**ના **રાયપુર** ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેમના બુલંદ અવાજને કારણે શ્રી હસમુખ ભાવસાર **ગુજરાતી રંગભૂમિ, ટીવી તથા ફિલ્મોના 'અમિતાભ'** ગણાતા હતા.

### કારકિર્દી



ગુજરાતી રંગભૂમિ અથવા તો નાટક ક્ષેત્રે શ્રી હસમુખ ભાવસારની કારકિર્દીનો પ્રારંભ **1970**માં શ્રી તારક મહેતાએ લખેલા નાટક **'એક મૂરખને એવી ટેવ'**થી થયો હતો.

- દૂરદર્શન પર તેમની **'એક ડાળના પંખી'** સિરિયલ ખૂબ જ લોકપ્રિય થઈ હતી.
- **'એક ડાળના પંખી'** ઉપરાંત તેમણે **'કાકા ચાલે વાંકા'**, **'ઝરૂખો'**, **'ભલા ભૂસાના ભેદ ભરમ'**, **'મામાનું ઘર કેટલે'** વગેરે જેવી પ્રસિદ્ધ સિરિયલોમાં કામ કર્યું હતું.
- આ ઉપરાંત તેમણે 'સંબંધોની સોનોગ્રાફી', 'બાપ વેચવાનો છે', 'બીજો દિવસ', 'સગપણ', 'ગ્રાન્ડ હળી', 'મોનાલિસા', 'આ તો પ્રેમ છે', 'કમિટમેન્ટ', 'દિલ દોસ્તી લવ ઈન લાઈફ' વગેરે જેવી ફિલ્મોમાં પણ અભિનય કર્યો હતો.

**નોંધ :** શ્રી હસમુખ ભાવસારે અમદાવાદના કાંકરિયા સ્નાનાગારમાં **સ્વિમિંગ કોચ** તરીકે પણ કામ કર્યું હતું.

ICE Questions

| | | |
|---|---|---|
| 1. | 'આંતરરાષ્ટ્રીય ખચકાટ જાગૃતિ દિવસ' અથવા તો 'International Stuttering Awareness Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ? (A) 21 ઓક્ટોબર (B) 22 ઓક્ટોબર (C) 23 ઓક્ટોબર (D) 24 ઓક્ટોબર | (B) |
| 2. | તાજેતરમાં પ્રસિદ્ધ થયેલા 'સ્ટેટ ઓફ ગ્લોબલ એર 2020' રિપોર્ટ અનુસાર હવા પ્રદૂષણને કારણે વર્ષ 2019માં ભારતમાં કેટલા લોકોના મોત થયા છે ? (A) 6.67 લાખ (B) 16.67 લાખ (C) 21.67 લાખ (D) 26.67 લાખ | (B) |
| 3. | 'સ્ટેટ ઓફ ગ્લોબલ એર 2020' રિપોર્ટ અનુસાર PM 2.5 પ્રકારનું હવાનું સૌથી વધુ પ્રદૂષણ ધરાવતા વિશ્વના દેશોમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ? (A) ભારત (B) કતાર (C) નેપાળ (D) નાઈજર | (A) |
| 4. | 'સ્ટેટ ઓફ ગ્લોબલ એર 2020' રિપોર્ટ અનુસાર સૌથી વધુ ઓઝોન પ્રદૂષણ ધરાવતા દેશોમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ? (A) ભારત (B) કતાર (C) નેપાળ (D) નાઈજર | (B) |
| 5. | 'સ્ટેટ ઓફ ગ્લોબલ એર 2020' રિપોર્ટ અનુસાર સૌથી વધુ ઓઝોન પ્રદૂષણ ધરાવતા દેશોમાં ભારત કયા ક્રમે છે ? (A) બીજા (B) ત્રીજા (C) ચોથા (D) પાંચમા | (B) |
| 6. | 'સ્ટેટ ઓફ ગ્લોબલ એર 2020' રિપોર્ટ અનુસાર વિશ્વમાં મૃત્યુનું કયા નંબરનું સૌથી મોટું કારણ હવા પ્રદૂષણ છે ? (A) પહેલા (B) બીજા (C) ત્રીજા (D) ચોથા | (D) |
| 7. | નાસાના કયા અવકાશયાનને ઓક્ટોબર 2020 દરમિયાન લઘુગ્રહ પરથી નમૂના લેવામાં સફળતા મળી છે ? (A) ATTREX (B) DISCOVER-AQ (C) OSIRIS-REx (D) SPHEREx | (C) |
| 8. | નાસાના 'ઓસિરિસ–રેક્ષ' નામના અવકાશયાનને કયા લઘુગ્રહ પરથી નમૂના લેવામાં સફળતા મળી છે ? (A) 101955 Eros (B) 101955 Pallas (C) 101955 Cares (D) 101955 Bennu | (D) |

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

**9.** લઘુગ્રહ પરથી નમૂના એકત્ર કરીને ધરતી પર લાવવાના ઉદ્દેશથી નાસાએ લોન્ચ કરેલું પ્રથમ મિશન કયું છે ?

(A) ATTREx (B) DISCOVER-AQ

(C) OSIRIS-REx (D) SPHEREx **(C)**

**10.** ગુજરાતના કયા તીર્થધામમાં પ્રસિદ્ધ ગુજરાતી અભિનેતા શ્રી હસમુખ ભાવસારનું નિધન થયું છે ?

(A) દ્વારકા (B) ડાકોર (C) અંબાજી (D) સોમનાથ **(B)**

**11.** ગુજરાતના પ્રસિદ્ધ અભિનેતા શ્રી હસમુખ ભાવસારનું નિધન થયું છે...તેમનો જન્મ કયાં થયો હતો ?

(A) ગોમતીપુર, અમદાવાદ (B) વસ્ત્રાપુર, અમદાવાદ

(C) રાયપુર, અમદાવાદ (D) સાબરમતી, અમદાવાદ **(C)**

**12.** શ્રી હસમુખ ભાવસારની ગુજરાતી રંગભૂમિ ક્ષેત્રે કારકિર્દીનો પ્રારંભ કયા નાટકથી થયો હતો ?

(A) રંગ રંગીલો ગુજરાતી (B) એક મૂરખને એવી ટેવ

(C) કહો મકનજી કયાં ચાલ્યા ? (D) જલસા કરો જયંતીલાલ **(B)**



## 23 OCTOBER, 2020 FRIDAY

### ➢ ભારતનું એન્ટી સબમરીન યુદ્ધ જહાજ INS Kavaratti ભારતીય નૌસેનામાં સામેલ

22 ઓક્ટોબર, 2020ના રોજ ભારતમાં તમિલનાડુના વિશાખાપટ્ટનમ ખાતે આવેલા ડોકયાર્ડ પરથી INS Kavarattiને ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું છે.

- દુશ્મનોની સબમરીન માટે કાળ સમાન INS કવરત્તીને કારણે ભારતીય નૌસેનાની તાકાતમાં વધારો થશે.

### INS Kavaratti

INS કવરત્તી એ ભારતમાં નિર્માણ પામેલું ભારતનું સ્વદેશી **એન્ટી સબમરીન યુદ્ધ જહાજ (Anti-Submarine Warfare)** છે.

- ભારતમાં Project 28 અંતર્ગત આ યુદ્ધ જહાજનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- ભારતમાં કોલકાતાની Garden Reach Shipbuilders and Engineers નામની કંપની દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- જેમાં INS કવરત્તીનો 90 ટકા હિસ્સો સ્વદેશી છે. અને તેમાં ઉપયોગમાં લેવાયેલા કાર્બન કમ્પોઝિટ્સ ભારતીય શિપ બિલ્ડિંગ્સની એક મોટી સિદ્ધિ સમાન છે.
- ભારતીય નૌસેનાના ડિરેક્ટરેટ ઓફ નેવલ ડિઝાઈન દ્વારા તેની ડિઝાઈન તૈયાર કરવામાં આવી હતી.
- અતિ આધુનિક ઉપકરણો અને શસ્ત્રોથી સજ્જ આ યુદ્ધ જહાજ દુશ્મન દેશોની સબમરીનને ડિટેક્ટ કરીને તેને નષ્ટ કરવા માટે સક્ષમ છે.
- તેના પર લગાવવામાં આવેલા વિશેષ ઉપકરણોને કારણે તેને દુશ્મન દેશોના રડારમાં પકડી શકાતું નથી.
- તેની સ્પીડ 25 નોટિકલ માઈલ (એટલે કે 46 કિમી પ્રતિ કલાક) સુધીની છે.

### INS કવરત્તી કયા કલાસનું યુદ્ધ જહાજ છે ?

INS કવરત્તી એ Project 28 અંતર્ગત નિર્માણ પામેલું Kamorta Class (કમોર્તા શ્રેણીનું) યુદ્ધ જહાજ છે.

- INS કવરત્તીએ <u>Project 28</u> અંતર્ગત નિર્માણ પામેલું <u>Kamorta Class</u>નું <u>ચોથું અને અંતિમ</u> યુદ્ધ જહાજ છે.
- ભારતમાં પ્રોજેકટ 28ને વર્ષ <u>2003</u>માં મંજૂરી આપવામાં આવી હતી.
- આ પ્રોજેકટ અંતર્ગત ભારતમાં <u>4</u> <u>એન્ટી સબમરીન યુદ્ધ જહાજ</u>નું નિર્માણ કરવામાં આવ્યું છે.

**Project 28 અથવા તો Kamorta Classના ચાર યુદ્ધ જહાજ**

| ક્રમ | નામ | લોન્ચ | નૌસેનામાં સામેલ |
|---|---|---|---|
| 1 | INS Kamorta | 19 એપ્રિલ, 2010 | 23 ઓગસ્ટ, 2014 |
| 2 | INS Kadmatt | 25 ઓકટોબર, 2011 | 7 જાન્યુઆરી, 2016 |
| 3 | INS Kiltan | 26 માર્ચ, 2013 | 16 ઓકટોબર, 2017 |
| 4 | INS Kavaratti | 19 મે, 2015 | 22 ઓકટોબર, 2020 |

**નોંધ :** (1) INS કવરત્તીને <u>19 મે, 2015</u>ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું.

(2) ત્યારબાદ તેના વિવિધ પરીક્ષણોને અંતે <u>22 ઓકટોબર 2020</u>ના રોજ ભારતના <u>આર્મી ચીફ જનરલ મનોજ મુકુંદ નરવણે</u>ના હસ્તે ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું છે.

(3) ભારતના <u>લક્ષદ્વીપ</u>ની રાજધાની <u>કવરત્તી</u>ના નામ પરથી આ યુદ્ધ જહાજનું નામ <u>INS કવરત્તી</u> રાખવામાં આવ્યું છે.

(4) ભારતીય નૌસેનામાં સામેલ થનાર <u>INS કવરત્તી</u> નામનું આ <u>બીજું</u> જહાજ છે. આ અગાઉ <u>1969</u>માં <u>Arnala-Class</u>નું <u>INS Kavaratti</u> નામનું જહાજ ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું. જેને <u>31 જુલાઈ 1986</u>ના રોજ ભારતીય નૌસેનામાંથી સેવા નિવૃત્ત કરવામાં આવ્યું હતું.

## ➢ કોરોનાની રસી માટે ભારત સરકાર દ્વારા રૂ. 50,000 કરોડની ફાળવણી

ભારતમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશવાસીઓને કોરોનાની રસી આપી શકાય તે માટે રૂ. 50,000 કરોડની અલગથી ફાળવણી કરવામાં આવી છે.

- ભારતમાં કોરોનાની રસી માટે વ્યક્તિ દીઠ 6 થી 7 ડોલર એટલે કે રૂ. 450થી 525 સુધીનો ખર્ચ થવાનો અંદાજ છે.
- આથી, દેશના તમામ 130 કરોડ દેશવાસીઓને કોરોનાની રસી ઉપલબ્ધ કરાવવા માટે ભંડોળની અછત ન સર્જાય તે માટે કેન્દ્ર સરકારે ચાલુ નાણાકીય વર્ષ માટે આ રૂ. 50,000 કરોડની જોગવાઈ કરી છે.

નોંધ : સિરમ ઈન્સ્ટિટયૂટે ભારતમાં કોરોનાની રસી માટે રૂ. 80,000 કરોડનો ખર્ચ થવાનો અંદાજ વ્યકત કર્યો હતો.

## ➢ ભારત દ્વારા ઘાતક એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ નાગનું સફળ પરીક્ષણ

21 ઓકટોબર 2020ના રોજ ભારતમાં DRDO દ્વારા એન્ટી ટેન્ક ગાઈડેડ મિસાઈલ નાગનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું છે.

- ભારતમાં થર્ડ જનરેશનની નાગ મિસાઈલના લેન્ડ વર્ઝનનું આ અંતિમ અથવા તો ફાઈનલ પરીક્ષણ હતું.
- આ પરીક્ષણ બાદ હવે તેને ભારતીય સેનામાં સામેલ કરવામાં આવશે.
- ભારતમાં રાજસ્થાનના પોખરણ ખાતેથી આ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું હતું.

### નાગ મિસાઈલની વિશેષતા

નાગ મિસાઈલને 'પ્રોસ્પિના' (Prospina) તરીકે પણ ઓળખવામાં આવે છે.

- નાગ એ ભારતની સ્વદેશી Anti-Tank Guided Missile (ATGM) છે.
- ભારતની થર્ડ જનરેશનની આ મિસાઈલ Fire-and-forget તથા Lock-on After Launch જેવી વિશેષતાઓ ધરાવે છે.
- તેને કોઈપણ ઋતુમાં કોઈપણ વાતાવરણમાં ઉપયોગમાં લઈ શકાય છે.
- તેના લેન્ડ વર્ઝનની રેન્જ 2.5 કિમી અથવા તો 500 મીટરથી 4 કિમી સુધીની છે.
- જ્યારે હેલિકોપ્ટર પરથી લોન્ચ કરી શકાય તેવી HELINA નામની નાગ મિસાઈલના વર્ઝનની રેન્જ 7 થી 10 કિમી સુધીની છે.

- જ્યારે HELINAને અપગ્રેડ કરીને બનાવવામાં આવેલા તેના ફોર્થ જનરેશનના વર્ઝન SANT અથવા તો Standoff Anti-Tank ગાઈડેડ મિસાઈલની રેન્જ 15 થી 20 કિમી સુધીની છે.
- નાગ મિસાઈલના મુખ્ય વર્ઝન આ પ્રમાણે છે :

(1) MP-ATGM એટલે કે Man Portable - Anti-Tank Guided Missile.

(2) HELINA, તેના લેટેસ્ટ વર્ઝનને Dhruvastra તરીકે ઓળખવામાં આવે છે.

(3) SANT એટલે કે Standoff Anti-Tank ગાઈડેડ મિસાઈલ.

**નોંધ :** NAMICA એ નાગ મિસાઈલ લોન્ચ કરવા માટેનું કેરિયર છે. Nag Missile Carrierને ટૂંકમાં NAMICA તરીકે ઓળખવામાં આવે છે.



## ICE Questions

1. 22 ઓક્ટોબર, 2020ના રોજ ભારતના કયા જહાજને ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું છે ?
(A) INS કમોર્તા (B) INS કદમત્ત (C) INS કિલતાન (D) INS કવરત્તી **(D)**

2. 22 ઓક્ટોબર, 2020ના રોજ INS કવરત્તીને ભારતમાં કયાંથી ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું છે ?
(A) મુંબઈ (B) કોલકાતા (C) વિશાખાપટ્ટનમ (D) ચેન્નાઈ **(C)**

3. INS કવરત્તી એ ભારતમાં નિર્માણ પામેલું કયા પ્રકારનું સ્વદેશી યુદ્ધ જહાજ છે ?
(A) એન્ટી એરક્રાફ્ટ (B) એન્ટી સબમરીન
(C) એન્ટી મિસાઈલ (D) એન્ટી ટેન્ક **(B)**

4. ભારતમાં કયા પ્રોજેક્ટ અંતર્ગત INS કવરત્તીનું નિર્માણ કરવામાં આવ્યું હતું ?
(A) પ્રોજેક્ટ-26 (B) પ્રોજેક્ટ-28 (C) પ્રોજેક્ટ-32 (D) પ્રોજેક્ટ-38 **(B)**

5. ભારતમાં કઈ જગ્યાએ આવેલી 'ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયરિંગ્સ' નામની કંપનીમાં INS કવરત્તીનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
(A) વિશાખાપટ્ટનમ (B) બેંગાલુરુ (C) મુંબઈ (D) કોલકાતા **(D)**

6. INS કવરત્તી નામના યુદ્ધ જહાજને તાજેતરમાં ભારતીય નૌસેનામાં સામેલ કરવામાં આવ્યું છે...INS કવરત્તીએ કયા કલાસનું અથવા તો કઈ શ્રેણીનું યુદ્ધ જહાજ છે ?
(A) INS વિક્રાંત (B) INS કિલતાન
(C) INS કમોર્તા (D) INS કદમત્ત **(C)**

7. INS કવરત્તીના સંદર્ભમાં નીચેનામાંથી કયું/કયા વિધાનો સાચા છે ?
   1. આંદમાનની રાજધાની કવરત્તીના નામ પરથી તેનું નામ INS કવરત્તી રાખવામાં આવ્યું છે.
   2. તેની સ્પીડ 25 નોટિકલ માઈલ સુધીની છે.
   3. તેને સૌપ્રથમ વર્ષ 2015માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
   4. તે પ્રોજેક્ટ 28 અંતર્ગતનું અથવા તો INS કમોર્તા કલાસનું અંતિમ અને ચોથું યુદ્ધ જહાજ છે.

Ans. (A) 1, 2, 3, 4 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 2, 4 **(B)**

| | | |
|---|---|---|
| 8. | ભારતના તમામ દેશવાસીઓને કોરોનાની રસી આપી શકાય તે માટે કેન્દ્ર સરકારે કેટલા રૂપિયાની અલગથી ફાળવણી કરી છે ?<br>(A) 40,000 કરોડ (B) 50,000 કરોડ (C) 60,000 કરોડ (D) 80,000 કરોડ | (B) |
| 9. | 21 ઓક્ટોબર, 2020ના રોજ ભારતે નાગ મિસાઈલનું કયાંથી સફળ પરીક્ષણ કર્યું છે.. કે જે તેનું અંતિમ અને ફાઈનલ પરીક્ષણ હતું ?<br>(A) વિશાખાપટ્ટનમ, તમિલનાડુ (B) કોલકાતા, પશ્ચિમ બંગાળ<br>(C) બાલાસોર, ઓડિશા (D) પોખરણ, રાજસ્થાન | (D) |
| 10. | 21 ઓક્ટોબર, 2020ના રોજ ભારતે નાગ મિસાઈલના કયા વર્ઝનનું સફળ પરીક્ષણ કર્યું છે ?<br>(A) લેન્ડ વર્ઝન (B) હેલિકોપ્ટર વર્ઝન<br>(C) હેન્ડ વર્ઝન (D) પ્લેટફોર્મ વર્ઝન | (A) |
| 11. | નાગ એ ભારતની કયા પ્રકારની ગાઈડેડ મિસાઈલ છે ?<br>(A) એન્ટી સબમરીન (B) એન્ટી હેલિકોપ્ટર<br>(C) એન્ટી ટેન્ક (D) એન્ટી મિસાઈલ | (C) |
| 12. | ભારતની નાગ મિસાઈલને બીજા કયા નામે ઓળખવામાં આવે છે ?<br>(A) પોશિના (B) પ્રોસ્પિના (C) પોર્શિયાના (D) પ્રોપેગાના | (B) |
| 13. | HELINA, Dhruvastra, SANT વગેરે ભારતની કઈ મિસાઈલના જુદા–જુદા વર્ઝન છે ?<br>(A) પૃથ્વી (B) અગ્નિ (C) ત્રિશુલ (D) નાગ | (D) |

## 24 OCTOBER, 2020 SATURDAY

➤ **દિવસ મહિમા : 24 ઓક્ટોબર,**
(1) **સંયુક્ત રાષ્ટ્ર દિવસ (United Nations Day)**
(2) **વિશ્વ પોલિયો દિવસ (World Polio Day)**
(3) **વિશ્વ વિકાસ માહિતી દિવસ (World Development Information Day)**

## ➤ પાકિસ્તાન FATFના 'ગ્રે લિસ્ટ'માં યથાવત્

ટેરર ફન્ડિંગ અને મની લૉન્ડરિંગ પર નજર રાખી રહેલી આંતરરાષ્ટ્રીય સંસ્થા FATF દ્વારા જૂન 2018 દરમિયાન પાકિસ્તાનને 'ગ્રે લિસ્ટ'માં મૂકવામાં આવ્યું હતું.

- તાજેતરમાં મળેલી FATFની બેઠકમાં તેને ફેબ્રુઆરી, 2021 સુધી 'ગ્રે લિસ્ટ'માં યથાવત્ રાખવામાં આવ્યું છે.
- પાકિસ્તાનમાં આતંકવાદીઓને મળતી નાણાકીય મદદ અટકાવી ન શકવાને કારણે તેને FATFના 'ગ્રે લિસ્ટ'માં યથાવત્ રાખવામાં આવ્યું છે.

### FATF શું છે ?

FATFનું પૂરું નામ 'Financial Action Task Force (On Money Laundering) છે.

- FATFએ એક ઈન્ટરગવર્નમેન્ટલ ઓર્ગેનાઈઝેશન છે.
- 'મની લૉન્ડરિંગ' અથવા તો કાળાનાણાંને કાયદેસર થતા રોકવા માટે નીતિઓ બનાવવા 1989માં તેની સ્થાપના કરવામાં આવી હતી.
- વર્ષ 2001થી તેના કાર્યક્ષેત્રમાં વધારો કરવામાં આવ્યો છે અને હવે તે 'ટેરર ફાઈનાન્સિંગ' એટલે કે આતંકવાદને પ્રોત્સાહન આપવા માટે થતી નાણાકીય મદદને અટકાવવા માટે પણ તે નીતિઓ બનાવે છે.
- તેનું વડું મથક અથવા સચિવાલય ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.
- FATFના સભ્ય દેશોમાં ભારત, અમેરિકા, ચીન સહિત કુલ 38 દેશોનો સમાવેશ થતો હતો.
- હવે સાઉદી અરેબિયા FATFનું 39મું સભ્ય બન્યું છે.

## ICE ? Questions

| | Question | Answer |
|---|---|---|
| 1. | ‘સંયુક્ત રાષ્ટ્ર દિવસ’ તરીકે કયા દિવસની ઉજવણી કરવામાં આવે છે ?<br>(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર | (C) |
| 2. | ‘વિશ્વ પોલિયો દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર | (C) |
| 3. | ‘વિશ્વ વિકાસ માહિતી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?<br>(A) 22 ઓક્ટોબર (B) 23 ઓક્ટોબર (C) 24 ઓક્ટોબર (D) 25 ઓક્ટોબર | (C) |
| 4. | તાજેતરમાં FATF દ્વારા પાકિસ્તાનને કયા લિસ્ટમાં યથાવત્ રાખવામાં આવ્યું છે ?<br>(A) બ્લેક લિસ્ટ (B) ગ્રે લિસ્ટ (C) રેડ લિસ્ટ (D) ગ્રીન લિસ્ટ | (B) |
| 5. | FATFનું પૂરું નામ શું છે ?<br>(A) Financial Action Task Force<br>(B) Financial Action Task Forum<br>(C) Financial Activity Task Forum<br>(D) Financial Activity Task Force | (A) |
| 6. | તાજેતરમાં ચર્ચામાં રહેલ FATFનું સચિવાલય કયાં આવેલું છે ?<br>(A) પેરિસ (B) ન્યુયોર્ક (C) સિંગાપોર (D) જીનેવા | (A) |




Priyaben Bopaliya

GSCSCL

ASSISTANT DEPOT MANAGER

ICE® ના વિદ્યાર્થીને

નિમણૂક પામવા બદલ

ખૂબ ખૂબ અભિનંદન...

# ONE LINER
## CURRENT AFFAIRS

## ભારત

### ➤ કેન્દ્ર સરકારના કૃષિ કાયદાના વિરોધમાં બિલ પસાર કરનાર પંજાબ ભારતનું પ્રથમ રાજ્ય બન્યું

તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ભારતમાં ત્રણ કૃષિ બિલો અમલમાં મૂકવામાં આવ્યા હતા. કેન્દ્ર સરકારના આ ત્રણ કાયદાને અર્થહીન બનાવતા ત્રણ બિલ પંજાબ સરકારે પંજાબ વિધાનસભામાં પસાર કર્યા છે. આ સાથે જ કેન્દ્ર સરકારના કૃષિ કાયદાના વિરોધમાં બિલ પસાર કરનાર પંજાબ ભારતનું પ્રથમ રાજ્ય બની ગયું છે.

### ➤ હિમાચલ પ્રદેશના લાહોલ અને સ્પિતિ જિલ્લામાં ભારતમાં સૌપ્રથમ વખત હિંગ ઉગાડવામાં આવી

ભારતમાં રસોઈમાં વપરાતી હિંગની વિદેશમાંથી આયાત થાય છે. તે ભારતમાં ઉગતી નથી. જોકે, તાજેતરમાં ભારતમાં સૌપ્રથમ વખત હિમાચલ પ્રદેશના લાહોલ અને સ્પિતિ જિલ્લામાં રસોઈમાં વાપરી શકાય તેવી હિંગ ઉગાડવામાં આવી છે. હિમાચલ પ્રદેશમાં કેન્દ્ર સરકારની CSIR (કાઉન્સિલ ફોર સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ)ની ઈન્સ્ટિટ્યૂટ ઓફ હિમાલયન બાયોરિસોર્સ ટેક્નોલોજી (IHBT) નામની પ્રયોગશાળા દ્વારા આ હિંગ ઉગાડવામાં આવી છે.

# વિશ્વ

## ➤ નોકિયા વર્ષ 2022 સુધીમાં ચંદ્ર પર 4G નેટવર્ક શરૂ કરશે

અમેરિકાની અવકાશ સંસ્થા નાસા દ્વારા વર્ષ 2024માં મૂન મિશન અંતર્ગત માણસને ફરીથી ચંદ્રની ધરતી પર મોકલવાની યોજના બનાવવામાં આવી છે. આ અંતર્ગત નાસા તેના મૂન મિશનના ભાગ રૂપે ચંદ્રની સપાટી પર ઈન્ટરનેટની સર્વિસ શરૂ કરવા માગે છે. આથી, ચંદ્રની સપાટી પર ઈન્ટરનેટની સર્વિસ શરૂ કરવા માટેનો કોન્ટ્રાક્ટ નાસાએ ફિનલેન્ડની કંપની NOKIAને આપ્યો છે. આ અંતર્ગત નોકિયા 2022 સુધીમાં ચંદ્ર પર 4G નેટવર્ક શરૂ કરશે.

## ➤ સુશ્રી જેસિંડા અર્ડર્ન ન્યુઝીલેન્ડના વડાપ્રધાન તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા

તાજેતરમાં 17 ઓક્ટોબર 2020ના રોજ ન્યુઝીલેન્ડમાં યોજાયેલી સામાન્ય ચૂંટણીમાં ન્યુઝીલેન્ડના મહિલા વડાપ્રધાન સુશ્રી જેસિંડા અર્ડર્ન ફરીથી ચૂંટાઈ આવ્યા છે. જેમાં તેમના પક્ષ લેબર પાર્ટીનો 120માંથી 64 સીટો પર વિજય થયો છે. જ્યારે તેમની વિરોધી નેશનલ પાર્ટીને 35 અને એક્ટ પાર્ટીને 10 સીટો મળી છે. સુશ્રી જેસિંડા અર્ડર્ન સૌપ્રથમ વખત 2017માં ન્યુઝીલેન્ડના 40મા વડાપ્રધાન બન્યા હતા.

## ICE ? Questions

- ભારતમાં કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાના વિરોધમાં પોતાની વિધાનસભામાં બિલ પસાર કરનાર ભારતનું પ્રથમ રાજ્ય કયું છે ? – પંજાબ
- ભારતમાં સૌપ્રથમ વખત કયા રાજ્યમાં રસોઈમાં ઉપયોગમાં લઈ શકાય તેવી હિંગ ઉગાડવામાં આવી છે ? – હિમાચલ પ્રદેશ
- ભારતમાં સૌપ્રથમ વખત હિમાચલ પ્રદેશના કયા જિલ્લામાં રસોઈમાં ઉપયોગમાં લઈ શકાય તેવી હિંગ ઉગાડવામાં આવી છે ? – લાહોલ અને સ્પિતિ
- ભારતમાં CSIRની કઈ પ્રયોગશાળા દ્વારા ભારતમાં સૌપ્રથમ વખત હિમાચલ પ્રદેશમાં હિંગ ઉગાડવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે ?

  – ઈન્સ્ટિટયૂટ ઓફ હિમાલયન બાયોરિસર્ચ ટેક્નોલોજી (IHBT)
- તાજેતરમાં કઈ કંપની દ્વારા વર્ષ 2022 સુધીમાં ચંદ્ર પર 4G નેટવર્ક શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – નોકિયા
- ન્યુઝીલેન્ડના નવા વડાપ્રધાન તરીકે તાજેતરમાં કોણ ફરીથી ચૂંટાઈ આવ્યું છે ?

  – સુશ્રી જેસિંડા અર્ડર્ન
- સુશ્રી જેસિંડા અર્ડર્ન ન્યુઝીલેન્ડના વડાપ્રધાન તરીકે ફરીથી ચૂંટાઈ આવ્યા છે...તેમના પક્ષનું નામ શું છે ? – લેબર પાર્ટી

# QUICK CURRENT
## QUESTIONS OF THIS WEEK

1. ભારતમાં 'મનુષ્ય ગૌરવ દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ? – 19 ઓકટોબર
2. ભારતમાં કોનો જન્મદિન 19 ઓકટોબર 'મનુષ્ય ગૌરવ દિન' તરીકે ઉજવાય છે ?
   – શ્રી પાંડુરંગ શાસ્ત્રી
3. ભારતમાં 'સ્વાધ્યાય પરિવાર'ના પ્રણેતા પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રીજીનો જન્મદિન 19 ઓકટોબર ભારતમાં કયા દિવસ તરીકે ઉજવાય છે ? – મનુષ્ય ગૌરવ દિવસ
   (19 ઓકટોબર, 1920ના રોજ મહારાષ્ટ્રના રોહા ખાતે તેમનો જન્મ થયો હતો. તાજેતરમાં 20 ઓકટોબર, 2020ના રોજ તેમના જન્મ શતાબ્દી દિવસની ઉજવણી કરવામાં આવી છે.)
4. તાજેતરમાં અમેરિકાના કયા શહેરને સતત છઠ્ઠા વર્ષે 'ઉંદરોના શહેર'નું બિરુદ મળ્યું છે ?
   – શિકાગો
   (શિકાગોમાં ઉંદરોની વધારે સંખ્યાને કારણે તેને આ બિરુદ આપવામાં આવ્યું છે.)
5. અમેરિકાની 3-M યંગ સાયન્ટિસ્ટ સ્પર્ધામાં કોરોના અંગેના સંશોધન માટે ભારતીય મૂળની કઈ અમેરિકન ટીનેજરને 25,000 ડોલરનું ઈનામ મળ્યું છે ? – સુશ્રી અનિકા ચેબરોલુ
6. નાણાકીય વર્ષ 2020-21 દરમિયાન જમ્મુ કાશ્મીરના ખેડૂતો પાસેથી કેટલા ટન સફરજન ખરીદવાની જાહેરાત કરી છે ? – 12 લાખ ટન
7. ભારતના કયા શહેરમાં પ્રદૂષણ વિરોધી 'રેડ લાઈટ ઓન, ગાડી ઓફ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ? – દિલ્હી
   (આ અભિયાન અંતર્ગત ટ્રાફિક સિગ્નલ પર જ્યારે રેડ લાઈટ ઓન હોય ત્યારે જયાં સુધી ગ્રીન સિગ્નલ ન થાય ત્યાં સુધી વાહનને બંધ રાખવામાં આવે છે.)
8. ભારતમાં કયા સમય દરમિયાન 'બૌદ્ધિક સંપત્તિ સાક્ષરતા સપ્તાહ' (Intellectual Property

Literacy Week) ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે ?

– 15 થી 23 ઓક્ટોબર

9. મહિલાઓ અને છોકરીઓની સુરક્ષા તથા તેમની ગરિમા સુનિશ્ચિત કરવા માટે ભારતના કયા રાજ્યમાં 'મિશન શકિત' નામના એક અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે ?

– ઉત્તરપ્રદેશ

10. ભારતમાં કેન્દ્ર સરકારના કયા ગૃહ સચિવના કાર્યકાળમાં તાજેતરમાં વધારો કરવામાં આવ્યો છે? – શ્રી અજય ભલ્લા

11. ભારતમાં ઘરેલુ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે એર કંડીશનરની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ માટે રેફ્રિજરેન્ટ એર કંડિશનરને મુકત (Free)ની યાદીમાંથી હટાવીને કઈ યાદીમાં મૂકવામાં આવ્યા છે ? – પ્રતિબંધિત (Prohibited)

12. હિંગ એ કયા પરિવારનો એક બારમાસી છોડ છે ?

– અમ્બેલીફેરિયા (Umbelliferae)

(ઈરાન અને અફઘાનિસ્તાન હિંગના મુખ્ય ઉત્પાદક દેશ છે.)

13. ભારતમાં નીતિ આયોગ દ્વારા કઈ Web Services સાથે મળીને 'ફ્રંટિયર ટેકનોલોજીસ કલાઉડ ઈનોવેશન સેન્ટર'ની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે ? – Amazon (આ સેન્ટરની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ ડિજિટલ ઈનોવેશનના માધ્યમથી સામાજિક પડકારોનો સામનો કરવાનો છે.)

14. કોરોના મહામારી દરમિયાન ભારતમાં ચૂંટણી દરમિયાન ઉમેદવારોના ખર્ચની મર્યાદામાં કેટલા ટકાનો વધારો કરવામાં આવ્યો છે ? – 10 ટકા

(આ અંતર્ગત ભારતમાં વિધાનસભાની ચૂંટણી માટે ઉમેદવાર રૂ. 28 લાખની જગ્યાએ રૂ. 30.8 લાખનો ખર્ચ કરી શકશે. જ્યારે લોકસભાની ચૂંટણી માટે રૂ. 70 લાખની જગ્યાએ રૂ. 77 લાખનો ખર્ચ કરી શકશે.)

## સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા

Social Media Icon પર Click કરો.

**JOIN OUR TELEGRAM**

t.me/icerajkotofficial

**YouTube**

ICE RAJKOT

**Instagram**

ICE RAJKOT

**Facebook**

*like | comment | share*

ICE RAJKOT

**twitter**

ICE RAJKOT